ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

નવલી નવરાતમાં અખંડ જ્યોતિનું મહત્વ અનેકગણું છે... ગાંધીનગરના આંગણે પરંપરાગત અને અર્વાચીન ગરબાઓની રમઝટથી આગવુ આકર્ષણ જમાવનાર કલ્ચરલ ફોરમમાં દર વર્ષે અંબાજીથી અખંડ જ્યોત લાવવામાં આવે છે અને તેનું સ્થાપન કરવામાં આવે છે... આસો સુદ - એકમને ગોધુલી સમયે ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે આ અખંડ જ્યોત આવી પહોંચી હતી ત્યારે ફોરમના સભ્યોએ તેનું સામૈયું કરી અને સ્વાગત કરી બોલ માડી અંબે, જય જય અંબેના નારાઓથી ગગન ગજવી દીધું હતું.... તું તો કાળી ને કલ્યાણી મા... ડુંગરવાળા ડોશી તને લાડ લડાવે... જેવા કર્ણપ્રિય ગરબાઓની રમઝટ વચ્ચે આ આખંડ જ્યોત કલ્ચરલ ફોરમના મેદાનમાં ફરી હતી અને તેનું સ્થાપન કરવામાં આવ્યું હતું... તો ભાતીગળ સ્ટેજ પર ૧૫ ફુટ ઉંચી 'મા'ની પ્રતિમા સ્થાપવામાં આવી છે... છેલ્લા ઘણાય વર્ષોથી જયઅંબે પરિવાર દ્વારા પગપાળા યાત્રાસંઘ અંબાજી ધજા ચડાવવા જાય છે... આ જ રથમાં 'મા' આદ્યશક્તિ અંબે માતાજીની અખંડ જ્યોતનું ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે મુખ્ય પ્રવેશ દ્વારથી પ્રવેશતા મેદાનમાં સ્થાપન કરવામાં આવ્યું છે... તો બીજી તરફ 'મા'ની આરતી જામનગરના વૃંદ દ્વારા પરંપરાગત રીતે બેડાઓ માથે મુકી કરી હતી ત્યારે માઈ ભક્તોના હૈયે આનંદના હિલોળા સાથે ગરબાની અનેરી રમઝટ પછી મેદાનમાં જોવા મળી હતી...

સે-૧૭ માં સદસ્ય નિવાસ બાંધવા માટે ૧૨૦ જોખમી મકાનો તોડી પડાશે

ટુંકમાં જગ્યા ખુલ્લી કરાશે : નવા અને અદ્યતન આવાસો બાંધવા માટે ટેન્ડર મંજુરીની પ્રક્રીયામાં છે જયારે બે મહીનામાં જુના મકાનો તોડીને જગ્યા ખુલ્લી કરી દેવાયા બાદ નવા સદસ્ય નિવાસ બાંધવાનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૬

શહેરના સે-૧૭ માં ધારાસભ્યોને રહેણાંક માટે સુવિધા પુરી પાડવા માટે નવા એમ એલ એ ક્વાર્ટર્સ બાંધવાની કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. જયારે આ કાર્યયોજનાને અનુલક્ષી હાલ ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. ટુંકમાં ટેન્ડર મંજુરીની કાર્યવાહી પણ પુર્ણ કરી દેવાશે બીજીતરફ નવા સદસ્ય નિવાસ બાંધવા માટે સેકટરમાં જગ્યા ખુલ્લી કરવા માટે પણ કામ શરૂ કરી દેવાયુ છે. સે-૧૭માં છ કક્ષાના ૨૦ બ્લોક તોડવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. છ કક્ષાના ૧૨૦ જુના અને જોખમી મકાનો તોડીને ખુલ્લી જગ્યામાં ધારાસભ્ય માટે ટુંકમાં જ નવા નિવાસ બાંધવાનુ કામ હાથ ધરાશે આગામી બે મહીનામાં સાડા ચાર દાયકા જુના મકાનોનો કડુસલો કરી દેવાશે.

શહેરમાં નવા એમ એલ એ ક્વાટર્સ બાંધવા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. શહેરમાં હાલ સે-૨૧ માં સદસ્ય નિવાસ છે. જયારે આ પહેલા સે-૧૭ માં જ આ આવાસો હતા. જો કે સાડા ચાર દાયકાથી જુના આ મકાનો હવે જોખમી અને ખંડેર બન્યા છે. જયારે આ જુના મકાનો તોડીને હવે આ ઠેકાણે તોતિંગ ખર્ચ કરીને નવા અને અદ્યતન સુવિધાયુકત સદસ્ય નિવાસ બાંધવામાં આવશે નવા સદસ્ય નિવાસ બાંધવા ામાટે હાલ સેકટરમાં છ કક્ષાના ૧૨૦ બ્લોક તોડવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. છ કત્રાના ૨૦ બ્લોક તોડવાનુ કામ આાગામી બે મહીનામાં પુર્ણ કરી દેવાશે જયારે ત્યાં સુધીમાં ટેન્ડર પ્રક્રીયાની મંજુરીની કાર્યવાહી પણ પુર્ણ કરી

● અનુસંધાન પાન-૭ પર

નવરાતના પ્રથમ નોરતે બપોરના વરસાદી વાદળો ગોરંભાયા ખૈલેયાઓમાં ચિંતા

સેકટરોમાં વરસાદી છાંટણાથી ગરબા મહોત્સવના આયોજકોમાં પણ ઉચાટ : જો કે બપોર બાદ વાતાવરણ ચોખ્ખુ થતા ખૈલેયાઓમાં હાંશકારો પ્રવર્તયો : સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહીત અમદાવાદમાં વરસાદી ઝાપટાથી ભીંજારો

ગાંધીનગર તા ૨૬

નવરાત મહોત્સવના પ્રથમ નોરતે આજે બપોરના સમયે અચાનક જ વરસાદી વાદળો ગોરંભાયા હતા. કાળા ડીંબાગ વાદળોના લીધે આકાશી નઝારો બદલાયો હતો. સેકટરોમાં કેટલાક ઠેકાણે છાંટણા પડયા હતા. મોસમમાં નાટકીય બદલાવના લીધે ખૈલેયાઓ અને ગરબા મહોત્સવના આયોજકોમાં પણ ચિંતા પ્રવર્તી હતી. સેકટરોમાં પણ શેરી ગરબાના આયાજકો તૈયારીઓ વચ્ચે આકાશ તરફ મીટ માંડતા નજરે પડયા હતા. આજે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત તેમજ અમદાવાદ સહીતના વિસ્તારમાં વરસાદી ઝાપટુ પડતા ભીજારાનો માહોલ જોવા મળ્યો હતો જયારે ગાંધીનગરમાં પણ વાતાવરણ પલ્ટા વચ્ચે નવરાતના પ્રારંભે ખૈલેયાઓમાં ઉચાટ રહ્યો હતો જો કે બપોર બાદ વાતાવરણ ચોખ્ખુ રહેતા ગરબા પ્રેમીઓએ હાંશકારો અનુભવ્યો હતો.

ગાંધીનગરમાં આજે નવરાતના પ્રથમ દિવસે વરસાદી વાદળો ગોરંભાતા ખેલૈયાઓ અને ગરબા મહોત્સવના આયોજકોમાં ચિંતા પ્રવર્તી હતી. નવરાતમાં રાજયના વિવિધ વિસ્તારમાં વરસાદ થવાની સંભાવના પણ હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે. જયારે આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહીત અમદાવાદના કેટલાક વિસ્તારમાં પણ વરસાદી ઝાપટુ વરસતા ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. જયારે ગાંધીનગરમાં પણ બપોરના સમયે અચાનક જ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. આકાશી નઝારો બદલાતા વરસાદ ગમે ત્યારે ખાબકે તેવી ચિંતા પણ પ્રબળ બની હતી વરસાદી વાયરા ફુંકાતા ગરબા પ્રેમીઓની મીટ પણ આકાશ તરફ મંડરાઈ હતી. શહેરમાં કેટલાક સેકટરોમાં વરસાદી છાંટણા વરસ્યા હતા જો કે થોડીવારમાં વાતાવરણમાં ઉઘાડ નિકળતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો હતો. નવરાતના પ્રથમ દિવસે જ વરસાદી વાયરા વચ્ચે મેઘરાજાએ ડોકીયુ કરતા ખૈલેયાઓ અને ગરબા મહોત્સવના આયોજકો પણ ચિંતામાં મુકાઈ ગયા હતા. એકબાજુ સેકટરોની શેરીઓમાં પણ નવરાત્રિ સમિતિના સભ્યો શેરી વળાવી સજ્જ કરી નવરાત મહોત્સવના હેતે ઓવારણા લેવા ઉત્સુક જોવા મળ્યા હતા આવા સંજોગોમાં મોસમનો મિજાજ અચાનક જ બદલાતા ગરબાના આયોજનની તૈયારી વચ્ચે પણ બેઘડી સેકટરવાસીઓમાં વરસાદની ચિંતા પેઠી હતી. જો કે થોડીવારમાં વાતાવરણ ચોખ્ખુ થઈ જતા ભાવિકોમાં ઉત્સાહ યથાવત જોવા મળ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

લેકાવાડામાં જીટીયુના ગ્રીન બિલ્ડીંગની યોજના અન્વયે કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે આજે ભુમિપૂજન

ગ્રીન કન્સેપ્ટને વેગ આપવા વિવિધ પ્રકારના ૭ હજારથી વધુ રોપાઓની વાવણી કરાશે : વિવિધ ૧૭ થી વધુ ભવનો બાંધવામાં આવશે : કાફેટેરીયા, લાઇબ્રેરી સહીત કુલપતિ અને સચિવના બંગલા તેમજ સ્ટાફ માટેના ક્વાર્ટર્સ પણ બનશે.

ગાંધીનગર તા ૨૬

ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીના ગ્રીન બિલ્ડીંગ તૈયાર કરવા માટે લેકાવાડામાં ૧૦૦ એકર જમીન ફાળવવામાં આવી છે. જી ટી યુના નવા બિલ્ડીંગની આ યોજના અન્વયે અંદાજિત રૂ ૨૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ પ્રોજેકટનુ કામ આગામી બે વર્ષમાં પુર્ણ કરવાનુ આયોજન કરાયુ છે. ત્યારે જી ટી યુના નવીન બિલ્ડીંગના નિર્માણ માટે આજે બપોરે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ભુમિપુજન કરવામાં આવશે.

કેન્દ્રીય ગૃહમંત્રી આજે ગાંધીનગર આવશે. જયારે આ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીના નવા બિલ્ડીંગના નિર્માણની નવતર યોજનાનુ ભુમિપુજન પણ કરવામાં આવશે. રેટીંગ ફોર ઇન્ટીગ્રેટેડ હેબિટેટ એસેસમેન્ટના ધોરણ મુજબ સંપુર્ણ ગ્રીન બિલ્ડીંગની થીમ પર આ યોજનાનુ કામ હાથ ધરાશે. જયારે આ બિલ્ડીંગ નિર્માણની યોજના અન્વયે કુલ ૧૭ જેટલા ભવનો બાંધવામાં આવશે. જેમાં ફાર્મસી, સ્કુલ ફોર એન્જિયરીંગ, મેનેજમેન્ટ, એડમીન બિલ્ડીંગ, પરીક્ષા ભવન , ડેટા સેન્ટર, લાઇબ્રેરી , કુલપતિ અને સચિવના બંગલા ઉપરાંત વર્ગ-૨ અને ૩ ની કેટેગરી માટે સ્ટાફ ક્વાર્ટર્સ પણ બાંધવામાં આવશે. નવા બિલ્ડીંગની આ યોજના અન્વયે કાફેટેરીયા , ફાર્મસીના રીસર્ચ સંબંધિત એનિમલ હાઉસ, પોસ્ટ ઓફિસ તેમજ એ ટી એમની સુવિધા પણ ઉભી કરવામાં આવનાર છે. આ ઉપરાંત વિદ્યાર્થીનિઓની સાંસ્કૃતિક પ્રવૃતિ માટે ઓડિટોરીયમ તેમજ સ્પોર્ટસ સ્ટેડિયમ બનાવાશે. ગ્રીન બિલ્ડીંગની થીમ પર તૈયાર થનારા આ કેમ્પસમાં વિવિધ પ્રકારના અંદાજિત ૫ હજાર જેટલા રોપાઓની વાવણી કરાશે. જેમાં અરડુસી, અશ્વગંધા, આમળા, ગિલોય, જાંબુ સહીતના ઔષધીય રોપાઓનો પણ સમાવેશ થાય છે. જયારે અન્ય રોપાઓમાં લિમડો, પીપળો, વડ, બોરસલી, ગુલમહોર સહીતના રોપાઓની પણ વાવણી કરાશે. આ ઉપરાંત ૧૮ હજાર સોલાર પેનલની લાઇટના આધારે કેમ્પસને સંચાલિત કરવામાં આવશે. જયારે સંકુલને અનુલક્ષીને સાઇકલ ટ્રેક પણ તૈયાર કરવામાં આવશે.

જિલ્લા પંચાયતની કારોબારી સમિતિને ઉજી ઓક્ટો.ના રોજ નવા ચેરમેન મળશે

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક ૩જીએ જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેનની ઓફિસમાં જ મળશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના નવા ચેરમેન ઉજી ઓક્ટો.ના રોજ મળશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક ઉજીએ જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેનની ઓફિસમાં જ મળશે અને તેમાં નવા ચેરમેનની નિયુક્તી અંગેની કામગીરી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન અને સભ્યપદેથી દિનેશજી ઠાકોરે રાજીનામુ આપતાં આ બેઠક ખાલી પડી હતી. સામાન્ય સભાએ પણ તે રાજીનામુ મંજૂર કરી દીધુ હતુ અને તેમના સ્થાને અન્ય સભ્યની નિયુક્તી કરવામાં આવી હતી.

સભ્યની નિયુક્તી અને ચેરમેનની પસંદગીના મામલે તે દિવસે જ સભ્યોનો આક્રોશ સાતમા આસમાને પહોંચ્યો હતો અને સહિ ઝુંબેશ હાથ ધરી સંગઠ્ઠનને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આ પછી વિવાદને ઠારવા માટે કાર્યવાહી નોંધ સામાન્ય સભાની વિલંબથી જારી કરવામાં આવી હતી. જો કે આ પછી વિવાદ વધુ બહાર આવી રહ્યો હોવાથી કાર્યવાહી નોંધ જારી કરવામાં આવ્યા બાદ હવે ઉજી ઓક્ટો.ના રોજ કારોબારી સમિતિના ચેરમેનની નિયુક્તી માટેનો એજન્ડા પણ જારી કરી દેવામાં આવ્યો છે.

બેઠક પૂર્વે સભ્યોના મત જાણવાનો પ્રયાસ સંગઠ્ઠન દ્વારા કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લા પંચાયતમાં સતત વિવાદો ચાલી રહ્યા હોવાથી પક્ષે પણ હવે તેની દરમ્યાનગીરી વધારી દીધી છે. જો કે હજુ ચેરમેન પદને લઈ સંગઠ્ઠન તેના કાર્ડ છાતી સરખા રાખી આગળ વધી રહેલ છે.

બેઠકના દિવસે જ મેન્ડેટ આપવામાં આવશે. જો કે બેઠક પૂર્વે સભ્યોના મત જાણવાનો પ્રયાસ સંગઠ્ઠન દ્વારા કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. હાલ તો ચેરમેન પદને લઈ સભ્યોમાં ખેંચતાણ ચાલી રહી છે.

છેલ્લા દોઢ વર્ષમાં કારોબારી સમિતિની બેઠકો ખુબજ ઓછી મળી છે અને કામગીરીનો ભરાવો પણ થયો છે. મળતી વિગતો પ્રમાણે ઉજી ઓક્ટો.ના રોજ મળનારી બેઠકમાં માત્ર ચેરમેનની નિયુક્તીનો જ એજન્ડા રાખવામાં આવ્યો છે.

શહેરમાં બિરસા મુંડા ભવન પાસે યુવકની ગોળી મારી હત્યા

ઈન્દ્રોડાનો યુવક સાયલક લઈ સચિવાલય નોકરી જઈ રહ્યો હતો, તે સમયે બાઈક પર આવેલા શખ્સોએ પાછળથી ગોળી મારી, હત્યારાઓને શોધવા પોલીસાનો ધમધમાટ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં ધોળે દિવસે સેકટર-૧૦ માં યુવકની ગોળી મારી હત્યા કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. ઈન્દ્રોડાનો ૩૯ વર્ષિય કિરણ વિરાજી ઠાકોર સાયકલ લઈને સચિવાલય નોકરી જઈ રહ્યો હતો, તે સમયે બાઈક પર આવેલા બુકાનીધારી શખ્સોએ યુવકને બરડાના ભાગે ગોળી મારી હત્યા નીપજાવી હતી. ત્યારે સવારના ૧૦ વાગ્યાના સમયે બનાવ બનતા કર્મચારીઓ મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા.જયારે પોલીસે મૃતકના ભાઈની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ દિન પ્રતિદિન વધતુ જોવા મળી રહ્યું છે. વાહનચોરી, લુંટ, ઘરફોડ, હત્યા સહિતની ગુનાખોરી વધતા નાગરીકો પણ ચિંતિત બન્યા છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં સમાવેશ ઈન્દ્રોડા ગામે વચલાવાળા ઠાકોરવાસ ખાતે રહેતા કિરણ વિરાજી મકવાણા (ઠાકોર)પરિવારમાં પત્ની અને બે દિકરા છે. ૩૯ વર્ષિય કિરણ સચિવાલય બ્લોક નં-૨ ના પ્રથમ માળે ગૃહ વિભાગમાં ખાનગી એજન્સીમાં એક દાયકા થી પણ વધુ સમયથી પ્યુન તરીકે ફરજ બજાવતો હતો. ઈન્દ્રોડા થી નિત્યક્રમ મુજબ કિરણ ઘરે થી સચિવાલય તરફ જવા માટે નીકળ્યો હતો. સેકટર-૧૦ ભારતીય સર્વેક્ષણ

● અનુસંધાન પાન-૭ પર

જીઈબી કાલુપુર રૂટમાં દોડતી બસ કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી બંધ સ્થાનિકોમાં રોષ

અગાઉ આ બસ નિયમિતરૂપે દોડતી હતી

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી સેકટરોમાં એસ ટી બસ સેવાનો રૂટ જાણે ખોરવાઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સેકટરોમાં અગાઉ સ્ટેન્ડ પરથી મળતી બસ સેવા નિયમિત રૂપે ઉપલબ્ધ ન થતા સ્થાનિકો રોષ ઠાલવી રહ્યા છે. જી ઈ બી થી કાલુપુર નિયમિત દોડતી બસ પણ બંધ થઈ જતા સ્થાનિકોને હાલાકી વેઠવી પડે છે. કાલુપુર રેલવે સ્ટેશન જવા માટે પણ આ બસ સેવા સ્થાનિકોને ઉપયોગી થતી હતી જયારે નોકરીયાતો તેમજ અમદાવાદની મુલાકાતે જતા સ્થાનિકો પણ આ બસ સેવાનો વિશેષ ઉપયોગ કરતા હતા પરંતુ છેલ્લા ઘણા સમયથી બસ સેવા માટે વલખા મારવાનો વારો આવ્યો છે.

ગાંધીનગરમાં કોરોના કાળ બાદ એસ ટી બસનુ ટાઈમ ટેબલ જાણે બદલાઈ ગયુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. કોરોના બાદ સેકટરોમાંથી અગાઉ સ્થાનિકોને મળતી બસ સુવિધા હાલ બંધ થઈ ગઈ હોવાનો રોષ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. શહેરી બસ સેવાનો રૂટ પુન : ચકાસવા તેમજ આ અંગે જરૂરી સર્વે હાથ ધરીને આમ નાગરિકોને હાલાકી ન વેઠવી પડે તે મુજબનુ આયોજન કરવા માટે પણ અગાઉ ડેપો મેનેજર સમક્ષ અનેકવાર રજુઆત પણ કરવામાં આવી છે. શહેરી બસ સેવા ઉપરાંત ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામોને અનુલક્ષીને પણ યોગ્ય રૂટમાં બસ સેવા ન દોડતી હોવાના મામલે પણ અનેકવાર ગ્રામજનોએ રોષ વ્યકત કર્યો છે. જયારે ગાંધીનગરમાં પણ સેકટરોના સ્ટેન્ડ પરથી ઉપલબ્ધ બસ સેવા માટે પણ હવે લાંબા સમય સુધી વલખા મારવા પડે છે. ગાંધીનગરના જી ઈ બી કોલોની પાસેથી અગાઉ રોજબરોજ નિયમિત ઉપલબ્ધ થતી કાલુપુરની બસ પણ છેલ્લા બે વર્ષથી બંધ છે. કોરોના કાળ પુર્વે જી ઈ બી થી કાલુપુર દોડતી બસ સેવાનો મોટી સંખ્યામાં મુસાફરો લાભ લેતા હતા જયારે આ બસ સેવાને અનુલક્ષી સ્થાનિકોને રેલવે સ્ટેશન જવામાં પણ રાહત અનુભવાતી હતી આ ઉપરાંત નોકરીયાતો તેમજ અમદાવાદ કામ અર્થે જતા મુલાકાતીઓ માટે પણ આ બસ સેવા ઉપયોગી નિવડતી હતી. પરંતુ છેલ્લા બે વર્ષથી આ બસ બંધ કરી દેવામાં આવી હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. જી ઈ બી થી કાલુપુર રૂટની બસ સેવા ત્વરિત શરૂ કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White — THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 — ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શહેર-જિલ્લામાં કોરોનાના વધુ ૫ કેસ નોંધાયા

સે. ૮, ૩૦ અને ૨૦ માંથી કેસ મળી આવ્યા : ગાંધીનગર અને દહેગામમાંથી બે મહિલાઓના રિપોર્ટ પોઝીટીવ આવ્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ પાંચ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના ત્રણ અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ બે કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના આજે નોંધાયેલા કેસો લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયુ છે. શહેર જિલ્લામાં સતત કેસો મળી રહ્યા છે અને ગ્રામ્ય વિસ્તારના અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે જે ૩ કેસ નોંધાયા છે તેમાં બે મહિલા દર્દીનો સમાવેશ થાય છે. મહિલા દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સે. ૮માં ૪૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ, સે. ૩૦માં ૨૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ અને સે. ૨૦માં ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે વધુ ૩ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ બે કેસ નોંધાયા છે. આજે દહેગામ અને ગાંધીનગર તાલુકામાં એક-એક કેસ નોંધાયેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ બન્ને મહિલા દર્દી છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com